# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૫ તા.૨૫-૦૯-૧૮

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે પ્રવૃત્તિઓ યોજવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/ગાંધીજયંતિ/૨૦૧૮-૧૯/૨૧૫૨૯-૨૧૬૦૯તા.૧૭-૯-૧૮નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, રાષ્ટ્રપિતા શ્રી મહાત્માગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે રાજયસરકારશ્રી દ્વારા શાળામાં એક સપ્તાહ સુધીની(૨૬ સપ્ટેમ્બર-૨૦૧૮ થી ૨ ઓકટોબર-૨૦૧૮ સુધી) સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવ્યા અનુસાર ૧ થી ૧૨ ક્રમાંક મુજબની સૂચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૫-૦૯-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

सत्यमेव जयते

ક્રમાંક : જીસીઈઆરટી/ગાંધીજયંતિ/૨૦૧૮-૧૯/૨૧૫૨૯-૨૧૬૦૯
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : ૧૭-૦૯-૨૦૧૮

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી,તમામ

પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

વિષયઃ **ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે પ્રવૃત્તિઓ યોજવા બાબત**

સંદર્ભઃ મહાત્મા ગાંધી નેશનલ કાઉન્સીલ ઓફ રૂરલ એજ્યુકેશન, એમ.એચ.આર.ડી.

શ્રીમાન,

સવિનય ઉપર્યુકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપ સૌ વિદિત છો તે અન્વયે **ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે** રાજ્ય સરકારશ્રી દ્વારા શાળામાં એક સપ્તાહ સુધીની (૨૬ સપ્ટેમ્બર ૨૦૧૮ થી ૨ ઓક્ટોબર ૨૦૧૮ સુધી) સૂચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવાની થાય છે.

રાજ્યમાં આવેલ તમામ સરકારી, ગ્રાંટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં **ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણી** કાર્યક્રમના ભાગરૂપે **સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી અન્વયે નીચે જણાવ્યા મુજબની પ્રવૃત્તિઓનું આયોજન કરવા જણાવવામાં આવે છે.**

1. અનુભવજન્ય શિક્ષણ માટે ગાંધીજીની બુનિયાદી કેળવણી નઇ તાલીમ બાબતે સ્ટાફ મિટીંગ કરવી.
2. શાળાની સભામાં સ્થાનિક કાર્યકર સુથાર, દુકાનદાર કે ખેડૂતનું બહુમાન કરવું.
3. નજીકમાં આવેલ વ્યવસાય સ્થળની મુલાકાત કરવી અને તે ધંધો કે વ્યવસાયની પ્રવૃત્તિમાં ભાગ લેવો.
4. કચરાપેટીના યોગ્ય ઉપયોગ, ટોયલેટની સફાઇ સહિત, મેદાનની સ્વચ્છતાનો કાર્યક્રમ યોજવો.
5. શાળામાં બીજ એકત્ર કરવા, વાવવા અને છોડની જાળવણી તથા તેના વિકાસનું ધ્યાન રાખવું.

6. કોઇપણ સાધન જેમ કે સાયકલ, કુકર, મિક્ષર, ઇલેકટ્રીક ઇસ્ત્રીના ઉપયોગ અને જાળવણીનું નિદર્શન કરવું.
7. સ્ક્રુ-ડ્રાઇવર, તાળા-ચાવી, સ્પેનર (પાના) , કટીંગ પ્લેયર અને કાતરના ઉપયોગનું નિદર્શન અને મહાવરો કરવો.
8. શાળાના બાંધકામ અને ખુલ્લી જગ્યાનું માપન માટે સાધનપટ્ટીના ઉપયોગના મહાવરાનું નિદર્શન કરવું.
9. ઘરે અને શાળામાં પીરસવુ અને રાંધવું, શાકભાજી કાપવી વગેરે રસોડા સંલગ્ન કામોમાં જોડાવું.
10. તાત્કાલિક સારવાર અને પ્રાથમિક સારવાર પેટીના ઉપયોગનું નિદર્શન અને મહાવરો કરાવવો.
11. કોઇપણ કાર્યક્રમના આવક અને ખર્ચનું નામું તૈયાર કરવું અને નિભાવવું.
12. ખેતીકામ, દૂધ ઉત્પાદન જેવા સ્થાનિક વ્યવસાય અંતર્ગત પ્રવૃત્તિમાં જોડાવું અને તેના દ્વારા માહિતી ભેગી કરવી.

તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, શાસનાધિકારીશ્રી તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રીઓએ આ પ્રવૃત્તિઓનું સફળતાપૂર્વક આયોજન થાય તે માટે આપની કક્ષાએથી દરેક શાળાને જાણ કરવા વિનંતી.

| | | |
|---|---|---|
| નિયામક | નિયામક | નિયામક |
| જીસીઇઆરટી | પ્રાથમિક શિક્ષણ | શાળાઓની કચેરી |
| ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર |

નકલ સવિનય રવાનાઃ

- માન. સચિવશ્રી (શિક્ષણ), બ્લોક-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન કચેરી, ગાંધીનગર